# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

### ઉ.મા.પ્ર.પરીક્ષા ૨૦૨૧ વિજ્ઞાન પ્રવાહના રીપીટર ઉમેદવારોની વિજ્ઞાનના વિષયોની પ્રાયોગિક પરીક્ષા અંગે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે અગાઉ કોરોનાની પરીસ્થિતિને કારણે આઠ મહાનગરપાલીકા વિસ્તારમાં આવતા ઉ.મા.પ્ર.પરીક્ષા ૨૦૨૧ (ધોરણ-૧૨) ના પરીક્ષા કેન્દ્રો ખાતે નિયમિત/રીપીટર ઉમેદવારોની રસાયણ વિજ્ઞાન - પ્રાયોગિક (૦૫૩), ભૌતિક વિજ્ઞાન - પ્રાયોગિક (૦૫૫) અને જીવ વિજ્ઞાન પ્રાયોગિક (૦૫૭) વિષયોની પ્રાયોગિક પરીક્ષા મોકુફ રાખવામાં આવેલ હતી. સરકારશ્રીના નિર્ણય અનુસાર હવે નિયમિત ઉમેદવારોની પ્રાયોગિક પરીક્ષા લેવાની થતી નથી. ફક્ત રીપીટર ઉમેદવારોની પ્રાયોગિક પરીક્ષા લેવાની થાય છે. આ પ્રાયોગિક પરીક્ષા તા. ૨૮/૦૭/૨૦૨૧ થી ૩૦/૦૭/૨૦૨૧ દરમ્યાન યોજવામાં આવશે.

સદર પરીક્ષાની હોલ-ટીકીટ બોર્ડ દ્વારા **ONLINE** આપવામાં આવશે, જેની વિગતો બોર્ડ દ્વારા અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે મહાનગરપાલીકા વિસ્તારમા આવતા પરીક્ષા કેન્દ્રો સિવાયના અન્ય પરીક્ષા કેન્દ્રો ખાતે અગાઉ પ્રાયોગિક પરીક્ષા લેવાયેલ છે તે પરીક્ષામાં કોરોના કે અન્ય કોઈ અનિવાર્ય કારણોસર ગેરહાજર રહેલ હોય તેવા ફક્ત રીપીટર ઉમેદવારો પણ પ્રાયોગિક પરીક્ષા આપી શકશે.

જે રીપીટર ઉમેદવારો અગાઉ લેવાયેલ પ્રાયોગિક પરીક્ષામાં ગેરહાજર રહેલ હોય તે ઉમેદવારો પૈકીના પ્રાયોગિક પરીક્ષા આપવા ઈચ્છતા ઉમેદવારોએ શાળા મારફતે કોરોનાની બિમારી સંબંધિ કે અન્ય જરૂરી આધાર-પુરાવા જેવા કે **RTPCR** ટેસ્ટ રીપોર્ટ અન્ય તમામ મેડીકલ રીપોર્ટની ખરી નકલ અને ડોક્ટરી પ્રમાણપત્ર અને પ્રાયોગિક પરીક્ષામાં ઉપસ્થિત થવા મંજુરી માટે નિયત કરેલ નમુનામાં અરજીપત્રક સહિતની ફાઈલ બોર્ડમાં તા. ૨૧/૦૭/૨૦૨૧ સુધીમાં જમા કરાવવાની રહેશે. ઉમેદવારની અરજી અને આધાર-પુરાવાના ગુણ-દોષના આધારે ઉમેદવારની પ્રાયોગિક પરીક્ષા અંગે બોર્ડ દ્વારા નિર્ણય કરી શાળા/ઉમેદવારને જાણ કરવામાં આવશે. જેની આચાર્યશ્રી, વાલીશ્રી, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોને નોંધ લેવા જણાવવામાં આવે છે. આવા રીપીટર ઉમેદવારોની પ્રાયોગિક પરીક્ષા માટેનુ કેન્દ્ર બોર્ડ દ્વારા ફાળવવામાં આવે તે કેન્દ્ર પરથી પરીક્ષા આપવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી. (અરજીનો નમુનો બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પરથી ડાઉનલોડ કરવાનો રહેશે.)

તા - ૧૨/૦૭/૨૦૨૧, સોમવાર

સ્થળ - ગાંધીનગર.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

ઉ.મા.પ્ર.પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ મે – ૨૦૨૧ની (મહાનગરપાલીકા વિસ્તાર સિવાયના કેન્દ્રો) ની પ્રાયોગિક પરીક્ષામાં કોરોના/અન્ય કારણોસર ગેરહાજર રહેલ ઉમેદવારની પ્રાયોગિક પરીક્ષા લેવા માટેની અરજીનો નમુનો (જુલાઈ-૨૦૨૧ પ્રાયોગિક પરીક્ષા માટે)

---

1. ઉમેદવારનું પુરૂ નામ :..........................................................................................

2. શાળાનું નામ અને શાળા ક્રમાંક નંબર (INDEX NO) :..................................................

   ...................................................................................

   ...................................................................................

3. ઉમેદવારનો SID NO : ............................................. ગ્રુપ : ........................................

4. ઉમેદવારનો મોબાઈલ નંબર :................................................................

5. ઉમેદવારનું રહેઠાણનું સરનામું ...................................................................................

   ...................................................................................

   ...................................................................................

6. પ્રાયોગિક પરીક્ષા વિષયો પૈકી આપવાના થતા વિષયો :.......................................................

   ...................................................................................

   ...................................................................................

7. પ્રાયોગિક પરીક્ષામાં ગેરહાજર રહેલ હોય તે વિષય અને પરીક્ષાની તારીખ :

| ક્રમ | હોલ ટીકીટ મુજબ પરીક્ષાની મૂળ તારીખ | જે વિષયમાં ગે.હા. રહેલ હોય તે વિષયનું નામ અને કોડ | હોલ ટીકીટ મુજબ પ્રાયોગિક પરીક્ષાના સ્થળની શાળાનું નામ | રીમાર્કસ નોંધ :- અરજી સાથે હોલ ટીકીટની ખરી નકલ મૂકવી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

8. ગેરહાજર રહેવાના કારણો ..........................................................................................

   ...................................................................................

<u>બિડાણ :-</u>

A. હોલ ટીકીટની નકલ

B. પ્રાયોગિક પરીક્ષામાં ઉપસ્થિત ન રહ્યા તેના કારણોના આધાર-પુરાવા